# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-03-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્યના બજેટમાં જોગવાઈઓ :

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં રજૂ થયેલા અંદાજપત્રની જોગવાઇઓની માહિતી આપવા માટે ગાંધીનગર ખાતે આજે પત્રકાર પરિષદ યોજીને વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલી જોગવાઈઓ અંગે માહિતી આપવામાં હતી. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું વર્ષ ૨૦૨૬-૨૭નું ૨ હજાર ૯૦૨ કરોડ રૂપિયાનું ઐતિહાસિક અંદાજપત્ર હોવાનું મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યુ હતું.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે, કૃષિ વિભાગની નવી બાબતો માટે ૧,૯૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે, પશુપાલન વિભાગ માટે ૨,૧૩૦ કરોડની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. દરેક જિલ્લાઓમાં પ્રાકૃતિક ખેતી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભા કરવા ૨૦ કરોડ ની જોગવાઈ કરી છે તેમ પણ માહિતી આપવામાં આવી હતી.

પત્રકાર પરિષદમાં મત્સ્ય વિભાગની માહિતી આપતા અધિક મુખ્ય સચિવ આર સી મીણાએ કહ્યુ હતું કે, મત્સ્ય વિભાગના ઉત્કર્ષ માટેની માછીમારોની કલ્યાણ યોજનાઓનો સમાવેશ અંદાજ પત્રમાં કરાયો છે.

-------------------------------------------------------------------------------

## PGVCL – વીજ ચેકિંગ ઝુંબેશ :

પશ્ચિમ કચ્છ વિસ્તારમાં વીજ ચોરી અને ગેરરીતિઓ રોકવા માટે પીજીવીસીએલ દ્વારા વિશેષ વીજચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ભુજ વર્તુળ કચેરી હેઠળ વિવિધ પેટા વિભાગોમાં આ અભિયાન યોજાયું હતું.

ઝુંબેશ દરમિયાન ભુજ શહેર, ભુજ ગ્રામ્ય, કુકમા, મુન્દ્રા, નખત્રાણા, ખાવડા, ભુજોડી, મુન્દ્રા-ગુંદાલા, માંડવી શહેર તથા માંડવી ગ્રામ્ય વિસ્તારોમાં 31 જેટલી વીજચેકિંગ ટીમો તૈનાત કરવામાં આવી હતી. ટીમોએ ઘરેલુ, વાણિજ્ય, ઔદ્યોગિક અને ખેતીવાડી સહિત કુલ 2264 વીજ જોડાણોની તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન 195 વીજ જોડાણોમાં ગેરરીતિઓ સામે આવી હતી. આ ગેરરીતિઓ બદલ સંબંધિત ગ્રાહકોને કુલ અંદાજે 126 લાખ રૂપિયાનાં દંડાત્મક બિલ ફટકારવામાં આવ્યા હોવાનું પીજીવીસીએલ દ્વારા જણાવાયું છે.

બીજી તરફ માર્ચ માસ અંત તરફ હોવાથી ગ્રાહકો પાસેથી વીજ બિલની વસુલાત વધારવા માટે પીજીવીસીએલ દ્વારા મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ પણ હાથ ધરવામાં આવી છે. જેમાં લાંબા સમયથી બાકી બિલ ન ભરનાર ગ્રાહકોના વીજ જોડાણો કાપવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

---

## <u>સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી :</u>

જીલ્લામાં યોજાનાર આગામી સ્થાનિક સ્વરાજ્ય ચુંટણીને અનુલક્ષીને પુર્વ તૈયારીઓ વેગ પકડી રહી છે. રાજ્ય ચુંટણી આયોગ દ્વારા નગર પાલિકાની ચુંટણી માટે મુખ્ય અને મદદનીશ ચુંટણી અધિકારીની નિયુક્તિના આદેશ જારી કરાયા છે.

આ અંગે સત્તાવાર સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર જીલ્લાની ભુજ, અંજાર, માંડવી અને મુંદરા-બારોઈ નગરપાલિકાની સામાન્ય તો, નવ રચિત નખત્રાણા નગર પાલિકામાં પ્રથમવાર ચુંટણી યોજાશે. આ ચુંટણીને અનુલક્ષીને ચુંટણી અધિકારીની નિયુક્તિના આદેશ જારી કરાયા છે. ટુંક સમયમાં જીલ્લા તેમજ તાલુકા પંચાયતની ચુંટણી માટે પણ ચુંટણી અધિકારી નિમાશે તેમ જણાવાયુ હતું.

---

## બાર કાઉન્સિલ ચૂંટણી :

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી માટે રાજ્યભરમાં થયેલા મતદાન બાદ મતપેટીઓ ખોલી માન્ય-અમાન્ય મતો અલગ પાડવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

આ પ્રક્રિયા પૂર્ણ થતા હવે મતગણતરી પણ શરૂ થઈ ગઈ છે. કચ્છના વિવિધ કેન્દ્રોમાં થયેલા મતદાન બાદ ઉમેદવારો અને તેમના સમર્થકોમાં પરિણામને લઈને ઉત્સુકતા વધી છે.

જિલ્લામાં કુલ 9 કેન્દ્રો પર 2637 મતદારો નોંધવામાં આવ્યા હતા. જે પૈકી 1920 મતદારોએ મતદાન કર્યું હતું. તેમાંથી 1818 મત માન્ય અને 102 મત અમાન્ય જાહેર થયા હતા.

---

## 16માર્ચ – રાષ્ટ્રીય રસીકરણ દિવસ :

ભારતમાં દર વર્ષે ૧૬મી માર્ચને રાષ્ટ્રીય રસીકરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે જિલ્લામાં રાષ્ટ્રીય રસીકરણ દિવસની ઉજવણી અંતર્ગત આ વર્ષે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૯ મહિનાથી ૫ વર્ષના બાળકો ઉપરાંત, હવે ૫ થી ૧૦ વર્ષના એવા બાળકો કે જેમને અગાઉ રસી મળી ન હોય અથવા માત્ર ૧ ડોઝ લીધો હોય તેવા તમામ બાળકોને ઓરી-રૂબેલા સ્પેશિયલ ડ્રાઇવમાં રસીકરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત કચ્છમાં કૂલ ૨૮૫ સેશનનું આયોજન કરવામાં આવ્યુ છે.

---

## રમઝાન – ચંદ્ર દર્શન :

સુન્ની ચાંદ કમિટીના પ્રમુખ પીર સૈયદ અહમદશા અલ-હુસૈનીએ એક યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૧૯ મી એ ગુરુવારે માહે રમઝાનના ૨૯ દિવસ પૂરા થતાં હોવાથી તે સાંજે માહે શવ્વાલનો ચાંદ કોઈને નજર આવે તો જિલ્લા અથવા તાલુકા કક્ષાએ કમિટીના પ્રતિનિધિઓને જાણ કરવા જણાવાયું છે.

દરમ્યાન, કચ્છ એસ્ટ્રોનોમર્સ કલ્બ અને સ્ટાર ગેઝિંગ ઈન્ડિયાના વડા નરેન્દ્ર ગોરનું કહેવું છે કે, ૧૯ મી એ સાંજે નરી આંખે ચંદ્ર દર્શન થવાની શક્યતા નહિવત છે.

૧૯ મી એ ભુજમાં સૂર્યાસ્ત સાંજે ૦૭ વાગીને ૦૨ મિનિટે થશે અને ચંદ્ર સાડા સાત વાગ્યે અસ્ત થશે, તે જ દિવસે સવારે ૦૬ વાગીને ૫૩ મિનિટે અમાવસ્યા પૂર્ણ થાય છે તેથી ચંદ્રની ઉંમર માત્ર ૧૨ કલાક અને ૮ મિનિટ જેટલી જ હશે. વળી, સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું કોણીય અંતર ૭ અંશથી ઓછું હોવાથી ખગોળ શાસ્ત્રના નિયમ મુજબ ચંદ્રની પ્રકાશિત કોર રચાતી નથી. આ ખગોળીય સ્થિતિના કારણે, આ વર્ષે રમઝાન માસના પૂરા ૩૦ દિવસ થવાની પ્રબળ શક્યતા છે શ્રી ગોરે ઉમેર્યું હતું.

આથી ખગોળીય ગણતરી મુજબ ૨૧ માર્ચ ૨૦૨૬ ના રોજ ઈદ-ઉલ-ફિત્ર મનાવવામાં આવે એવી પૂરી સંભાવના છે.

---------------------------------------------------------------------------------------